ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૫
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૫/૦૭/૨૦૨૩

// પરિપત્ર //

વિષયઃ- નિગમની પૂર્ણ વિકસિત વસાહતોમાં પ્લોટને લગત (કોમન વૉલ) આવેલ રસ્તાની ફાળવણી કરવા સંદર્ભે નીતિ લાગુ કરવા બાબત.

સંદર્ભઃ- નિયામક મંડળશ્રીની સભાના ઠરાવ ક્રમાંકઃ૨૮/પ્રિ-વિતરણ/૫૧૮,તા.૧૬/૦૫/૨૦૨૩

નિગમની ઔદ્યોગિક વસાહતોમાં ઉપલબ્ધ પ્લોટ અને શેડનું વિતરણ નિગમ દ્વારા નક્કી કરવામાં આવતી નીતિ અનુસાર થાય છે. સમયાંતરે નીતિમાં જરૂરી સુધારા કરવા સંદર્ભે જરૂરી સમીક્ષા કરી નિયામક મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવે છે.

નિગમની વિવિધ વસાહતો ખાતે આવેલ રસ્તાની જમીનની ફાળવણી કરવા સંદર્ભે હાલમાં કોઈ નીતિ અસ્તિત્વમાં નથી. પરંતુ કેટલાક કિસ્સાઓમાં રસ્તાની જમીનની ફાળવણી કરવા સબબ મળતી અરજીઓના અનુસંધાને પાત્રતા ધરાવતા અરજદારોને રસ્તાની જમીનની ફાળવણી કરવા સંદર્ભે નિગમની નિયામક મંડળની ૫૧૮મી સભામાં રજુ થયેલ કાર્યસૂચિ ક્રમાંકઃ ૩૩/પ્રિ-વિતરણ/૫૧૮ અન્વયે થયેલ ઠરાવ મુજબ નીચે મુજબની નીતિ જાહેર કરવામાં આવે છે.

અરજદારો દ્વારા રસ્તાની ફાળવણીની અરજીઓ સંદર્ભે નીચે જણાવેલ સ્થિતિની સમીક્ષા કરી નિર્ણય લેવાનો રહેશે.

(અ) <u>રસ્તાની માંગણીના પ્રકારઃ-</u>

- નિગમ દ્વારા વસાહતનું વિસ્તરણ કરવાનું થતું ન હોય તથા વસાહતના છેડે આવતા રસ્તા (Dead End) ની ભવિષ્યમાં જરૂરિયાત રહેતી ન હોય તેવા કિસ્સાઓમાં ફાળવણી કરવા મળતી અરજીઓ.
- ફાળવણીદારોને ફાળવેલ પ્લોટોની વચ્ચે આવતા રસ્તા કે જેની એકત્રીકરણ વિગેરે જેવા કિસ્સાઓમાં જરૂરિયાત રહેતી ન હોય, તેવા સંજોગોમાં રસ્તાની ફાળવણી કરવા મળતી અરજીઓ.
- નિગમની જે તે સમયની જરૂરિયાતને ધ્યાને લઈ વિકાસ નકશામાં રસ્તાનું આયોજન કરવામાં આવેલ હોય કે બનાવવામાં આવેલ રસ્તાની હાલમાં જરૂરિયાત ન હોય તેવા સંજોગોમાં રસ્તાની ફાળવણી કરવા મળતી અરજીઓ.

(બ) <u>પાત્રતા અને શરતોઃ-</u>

- પ્લોટને લગત (કોમન વૉલ) આવેલ રસ્તા માટેની પ્રાથમિક યોગ્યતા તરીકે ફક્ત ઔદ્યોગિક/વાણિજ્ય પ્લોટ અને શેડ ધારકો દ્વારા જ કરવામાં આવતી અરજીઓ સ્વીકારવાની રહેશે.
- હયાત પ્લોટ નિગમની નીતિ મુજબ વપરાશી હોવો જોઈએ.

- હયાત એકમ દ્વારા તેઓને જે હેતુ માટે પ્લોટ/શેડ ફાળવેલ હોય તે હેતુ માટે જ ઉપયોગ કરવામાં આવેલ હોવો જોઈએ.
- નિગમ દ્વારા રસ્તો બનાવવા અર્થે જે ખર્ચ થયેલ હોય તે ફાળવણીદાર દ્વારા ભરપાઈ કરવાનો રહેશે.
- ફાળવણીદારે હયાત પ્લોટ/શેડ સાથે નવી ફાળવવામાં આવેલ રસ્તાની જમીનનું ફરજીયાત પણે એકત્રીકરણ કરાવવાનું રહેશે.

પ્લોટને લગત (કોમન વૉલ) આવેલ રસ્તાની માંગણી કરી હોય તેવા ફાળવણીદારોને રસ્તાની ફાળવણીની અરજી મળ્યેથી, ઉપરોકત દર્શાવેલ (અ) અને (બ) મુજબની શરતોની યોગ્ય ચકાસણી કરવાની રહેશે. પાત્રતા ધરાવતી અરજીઓ સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે ક્ષેત્રિય કચેરીએ નીચેની બાબતો ધ્યાને લઇ વિગતવાર દરખાસ્ત તૈયાર કરી વડી કચેરીએ સાદર કરવાની રહેશે.

- પ્લોટને લગત (કોમન વૉલ) આવેલ રસ્તા ફાળવણી સમયે તેમાં કોઈ ROU/રસ્તા વપરાશની પરવાનગી આપેલ છે કે નહીં? તેની ખરાઈ કરવાની રહેશે.
- હયાત ફાળવણીદારો દ્વારા પ્લોટને લગત (કોમન વૉલ) આવેલ રસ્તાની ફાળવણી કરતા પહેલાં એ સુનિશ્ચિત કરી લેવાનું રહેશે કે, વસાહતમાં ફાળવણીદારના કોઈ પણ મિલકત પેટે નિગમના બાકી લ્હેણાં રહેતા નથી.

આ પ્રકારના રસ્તાની ફાળવણી ઔદ્યોગિક પ્લોટ/શેડ માટે જે તે વસાહતના પ્રવર્તમાન ઔદ્યોગિક વિતરણદરના બમણા (બે ગણા) દરે અથવા રહેણાંક દરના દોઢ ગણા દરે, ઉકત બંન્નેમાંથી જે વધુ હોય, અને વાણિજય પ્લોટ માટે નિગમની નીતિ મુજબ વાણિજય દરના બમણા દરે (બે ગણા) ફાળવણી કિંમત એકીસાથે વસૂલવાની રહેશે.

આ કિસ્સામાં ફાળવણી અંગેના નિર્ણય લેવાની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે. નિગમના તમામ અધિકારીશ્રીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવાનો રહેશે.

સહી/-
(ડાૅ. રાહુલ ગુપ્તા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રી તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રી, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું
મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર